ગાંધીનગર કોર્ટે ચેક રિટર્ન કેસમાં મોડાસાના ખેડૂતને રૂપિયા ૨ લાખનો દંડ અને જેલની સજા ફટકારતો હુકમ કર્યો હતો. ખેડૂતે જમીનનું બાનાખત કરી આપી બિયારણ લાવવા માટે વેપારી પાસેથી લાખ રૂપિયા લીધા હતાં. એક વર્ષમાં રૂપિયા પરત કરતી વખતે બાનાખત રદ કરવાની શરત નક્કી કરવામાં આવી હતી. મુદત પુરી થતાં વેપારીએ વારંવાર ઉઘરાણી કરતા ખેડૂતે આપેલો ચેક બેંકમાંથી ૯, માર્ચ ૨૦૨૧ના રોજ પુરતુ બેલેન્સ ન હોવાના શેરા સાથે રિટર્ન થયો હતો.

કેસની વિગત એવી છે કે મોડાસા તાલુકાના કિશોરપુરા ગામે રહેતા ખેડૂત ચંદનભાઈ મકવાણાએ ખેતરમાં વાવણી માટે બિયારણ લાવવા ગાંધીનગર તાલુકાના છાલા ગામના વેપારી ઘનશ્યામભાઈ બારોટ પાસે એક લાખ રૂપિયા ઉછીના આપવા માગણી કરી હતી. તેની સામે ખેડૂતે ઓક્ટોબર ૨૦૨૦માં ખેતીની જમીનનું બાનાખત વેપારીના નામે કરી આપ્યુ હતું અને એવી શરત કરી હતી કે એક વર્ષમાં એક લાખ પરત કરે ત્યારે બાનાખત રદ કરવાનું રહેશે. તે મુજબ વેપારી ઘનશ્યામભાઈએ ખેડૂત ચંદનભાઈને એક લાખ રૂપિયા ચેકથી આપ્યા હતાં.

સમય મર્યાદામાં રૂપિયા પરત નહીં મળતા વેપારીએ વકીલ મારફતે ખેડૂતને નોટિસ આપી હતી. તેનો જવાબ પણ ખેડૂતે આપ્યો ન હતો. જેથી વેપારીએ વકીલ મારફતે ગાંધીનગરની કોર્ટમાં કેસ દાખલ કર્યો હતો. ત્યારે ફરિયાદી ઘનશ્યામભાઈના વકીલ એ.આર જેપાલ અને એસ.એલ પરમારે રજુ કરેલા પુરા અને દલીલોને ધ્યાને લઈ આરોપી ખેડૂતને એક વર્ષની સાદી કેદની સજા તેમજ રૂ.બે લાખનો દંડ તેમજ હુકમની તારીખથી ૩૦ દિવસમાં ફરિયાદીને એક લાખ રૂપિયા ચૂકવવાના રહેશે.

બાનાખત વાળી જમીન કે પૈસા મારી પાસે કશુય નથી : ખેડૂત

વેપારીએ રૂપિયા પરત માગણી કરતા ખેડૂત વાયદા કરતો હતો. વધારે દબાણ કરતા ખેડૂતે કહ્યુ હતું કે તમને જે જમીન બતાવીને તેનું બાનાખત કરી આપ્યુ હતુ એ જમીન મારી નથી અને એ જમીન ઉપર મારો ભોગવટો પણ નથી. મારે રૂપિયાની જરૂર હોવાથી આવુ કર્યું હતું. આવી રીતે મેં ઘણાં લોકો પાસેથી રૂપિયા લઈને ક્યારેય પરત કર્યા નથી.

જિલ્લા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી બી.જે પટેલના અધ્યક્ષ સ્થાને ગાંધીનગર જિલ્લા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ડીડીઓએ વિવિધ વિભાગનાં પ્રશ્નો અને અરજદારોને વાચા આપી હતી. આ જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં કુલ ૧૬ અરજીઓ આવી હતી, જેમાંથી ૧૪નું સકારાત્મક નિરાકરણ કરવામાં આવ્યું છે ,અને ૦૨ પ્રશ્ન પેનડિંગ રાખવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે,આ બેઠકમાં નિવાસી અધિક કલેકટર નિશા શર્મા તથા મુખ્ય જમીન સંપાદન અધિકારી અર્જુનસિંહ વણઝારા સહિત સંલગ્ન વિભાગોના અધિકારીગણ, કર્મચારીઓ અને અરજદારો હાજર રહ્યાં હતાં.

ગિફ્ટ સિટી–બાસણ રોડ પરથી ઘાયલ શિયાળનું રેસ્ક્યુ કરાયું

ગાંધીનગર સમાચાર

ગાંધીનગર, તા. ૨૨

શ્રી રામ ચેરીટેબલ ટ્રસ્ટની હેલ્પલાઈન પર બપોરે ૧:૪૦ કલાકે બાસણથી જાગૃત નાગરિક અલ્પેશભાઈ દ્વારા ટ્રસ્ટના ઉપપ્રમુખ અંજલિબા ગેહલોતને જાણ કરવામાં આવી હતી કે ગિફ્ટ સિટીથી બાસણ રોડ ઉપર હાઈવે નજીક આવેલા તળાવ પાસે એક શિયાળના પાછળના બંને પગ ગંભીર રીતે ઘાયલ થયેલા છે અને તે લથડતા-લથડતા ચાલે છે. માહિતી મળતાં જ કોઈ વિલંબ કર્યા વગર ઉપપ્રમુખ

અંજલિબા ગેહલોતે તાત્કાલિક શ્રી રામ ચેરીટેબલ ટ્રસ્ટની એમ્બ્યુલન્સ સ્થળ પર મોકલી આપી હતી. સંસ્થાની ટીમે સ્થળ પર પહોંચી અત્યંત સાવચેતીથી શિયાળનું રેસ્ક્યુ કરી તેને વધુ સારવાર માટે અમદાવાદની વાઈલ્ડ લાઈફ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યું હતું. પ્રાથમિક અનુમાન મુજબ આ શિયાળને રાત્રિના સમયે કોઈ અજાણ્યા વાહન, સંભવતઃ કાર, દ્વારા ટક્કર વાગી હોવાનું લાગી રહ્યું છે, જેના કારણે તેના પાછળના પગોને ગંભીર ઈજા થઈ હોઈ શકે છે.

માણસા મામલતદાર કચેરીની બાજુમાં પ્રાકૃતિક કૃષિ વેચાણ કેન્દ્રની શરૂઆત

દર ગુરુવારે સવારે ૯થી ૧૨ પ્રાકૃતિક ખેત ઉત્પાદન વેચાણ કેન્દ્રથી ઝેરમુક્ત અને પૌષ્ટિક ખેત ઉત્પાદનો આસાનીથી ઉપલબ્ધ થશે : જિલ્લાના ખેડૂતો પ્રાકૃતિક કૃષિમાં જોડાયા એટલે કલેક્ટરે દરેક તાલુકામાં વેચાણ કેન્દ્રની શરૂઆત કરાવી

ગાંધીનગર સમાચાર

ગાંધીનગર, તા.૨૨

ગુજરાત સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા પ્રાકૃતિક ખેતી (Natural Farming) ને પ્રોત્સાહન આપવા માટે ખેડૂતોને માત્ર ખેતીમાં જ નહીં, પરંતુ તેમના ઉત્પાદનોના વેચાણ માટે પણ વિશેષ સુવિધાઓ પૂરી પાડવામાં આવી રહી છે. ખેડૂતોને તેમના પ્રાકૃતિક ઉત્પાદનોના યોગ્ય ભાવ મળી રહે તે માટે ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકા ખાતે પણ પ્રાકૃતિક કૃષિ વેચાણ કેન્દ્રની શરૂઆત કરવા રાજ્યપાલ દ્વારા આત્મા પ્રોજેક્ટ ડાયરેક્ટરને અનુરોધ કરવામાં

આવ્યો હતો, જેથી માણસાના પ્રાકૃતિક કૃષિ કરતા ખેડૂતોને વેચાણ માટે યોગ્ય માધ્યમ અને સારો ભાવ મળી રહે, સાથે નગરજનોને પણ વિશ્વાસનીયતા સાથે ખરેખર પ્રાકૃતિક કૃષિથી પકવવામાં આવતા શાકભાજી અને ફળો મળી રહે.

આજ હેતુને ધ્યાનમાં રાખીને માણસા ખાતે સાપ્તાહિક 'પ્રાકૃતિક ખેતી હાટ'નું આયોજન કરવામાં આવ્યું છે, જે? અંતર્ગત માણસા મામલતદાર કચેરીની બાજુમાં ચારવડ ખાતે આત્મા પ્રોજેક્ટ ગાંધીનગર અને ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડના સંયુક્ત ઉપક્રમે પ્રાકૃતિક કૃષિ વેચાણ કેન્દ્ર, દર ગુરુવારે સવારે ૯થી ૧૨ પ્રાકૃતિક ખેત ઉત્પાદન વેચાણ કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું છે. કલેકટર મેહુલ કે.દવેની આગેવાનીમાં કલોલ ખાતે પણ દસ ગાળાની જગ્યા આત્મા પ્રોજેકટ માટે ફાળવી પ્રાકૃતિક કૃષિ કરતા ખેડૂતો માટે વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે, તથા હાલમાં જ ગાંધીનગર કુડાસણ શહેરી વિસ્તાર ખાતે પણ વેચાણ કેન્દ્રની વ્યવસ્થા કરવામાં આવી છે. આ વ્યવસ્થાથી ખેડૂત સીધો ગ્રાહક સાથે જોડાશે તથા ગ્રાહકોને ઝેરમુક્ત અને પૌષ્ટિક ખોરાક આસાનીથી ઉપલબ્ધ થશે.

હીરામણિ નર્સરી-કે.જી. વિભાગમાં ભૂલકાંઓ દ્વારા વસંત પંચમીની ઉજવણી કરાઈ

ગાંધીનગર સમાચાર

ગાંધીનગર, તા. ૨૨

વસંત પંચમીની ઉજવણી નિમિત્તે હીરામણિ કે.જી. વિભાગના ભૂલકાંઓ પીળા રંગના સુંદર વસ્ત્રો પહેરીને આવ્યા હતાં અને માં સરસ્વતીને પીળા ફૂલો તેમજ મીઠાઈ અર્પણ કરી હતી. વસંત પંચમીના દિવસે જ પ્રકૃતિમાં નવો સંચાર થાય છે. આ દિવસને અત્યંત શુભ માનવામાં આવે છે. આ દિવસે કોઈ પણ જ્યોતિષીને પૂછ્યા વગર લગ્ન, ગૃહ પ્રવેશ કે નવા કાર્યની શરૂઆત કરી શકાય છે. આ ઉપરાંત નાના બાળકોને અક્ષર જ્ઞાન આપવા માટે પણ આ દિવસને એકદમ સર્વોત્તમ છે. વસંત પંચમી પર પીળા રંગનું વિશેષ મહત્વ છે. પીળો રંગ ઉર્જા, આશા અને નવી ચેતનાનું પ્રતીક છે.

સંસ્થાના પ્રમુખ નરહરિ અમીન, મેનેજિંગ ટ્રસ્ટી ડૉ.વરુણ અમીન, ઉપપ્રમુખ નીતા અમીન, સી.ઈ.ઓ. ભગવત અમીન અને આચાર્ય ગુંજન શિવાલકર અને શિક્ષક બહેનોએ ભૂલકાંઓને વસંત પંચમીની શુભેચ્છા પાઠવી હતી.

હિલવુડ્સ એકેડમી ઓફ ટીચર્સ એજ્યુકેશનમાં પરીક્ષા નિમિત્તે સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા. ૨૨

હિલવુડ્સ એકેડમી ઓફ ટીચર્સ એજ્યુકેશનમાં તા. ૨૧/૧/૨૦૨૫ના રોજ પરીક્ષા નિમિત્તે સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વ્યક્તા માટે જયેશ ઠક્કર અને ડૉ. આર.એમ. શર્મા (વિવેકાનંદ બી. એડ. કૉલેજ) દ્વારા વિદ્યાર્થીઓને પરીક્ષામાં પડતી મુશ્કેલીઓના સંદર્ભ "પરીક્ષા પે ચર્ચા" વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા અને બી.એડ.ના તમામ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ કાર્યક્રમનું સફળતાપૂર્વક આયોજન અને સુસંકલન આચાર્ય સુનિલ પરમારના માર્ગદર્શન હેઠળ, બી.એડ. કોલેજના તમામ સ્ટાફ સભ્યોના સમર્પિત સહયોગ સાથે કરવામાં આવ્યું હતું.

A payment row that's kept Trai away from owning HQ

The delay in registration stems from Trai's dispute with state-owned NBCC (India) Ltd

Jatin Grover
jatin.grover@livemint.com
NEW DELHI

For a regulator tasked with overseeing one of India's most critical infrastructure sectors, operating from an office it does not legally own is an unusual predicament. Nearly two years after the Telecom Regulatory Authority of India (Trai) moved into its new headquarters at the World Trade Centre in New Delhi's Nauroji Nagar, the premises are yet to be registered in its name, with the process stuck over a missing no-objection certificate from the ministry of housing and urban affairs, three officials aware of the matter said.

The delay stems from Trai's dispute with state-owned NBCC (India) Ltd, under the ministry, which built the 1.16-lakh-square-feet office at a cost of about ₹450 crore. The developer has demanded a ₹57 lakh interest for alleged delayed payment by Trai, leading to an impasse that has held back the mandatory clearance required for formal registration.

"When the office premises were handed over to Trai in May 2024, the office was in an incomplete state. In addition, a few upper floors in the Tower F building were still under construction, which led to water seepage into various areas of the Trai premises, damaging the interior and furniture," said the first official cited above, adding that this led to the regulator holding back a portion of the payment—₹30 lakh—against the damage and incomplete work. The amount was released in December 2024 on work completion.

However, NBCC levied an interest of ₹56.8 lakh that the regulator has not yet paid. "These are non-legitimate charges. Trai had sent several communications to NBCC, requesting waiver of the interest charges under the circumstances. But no formal response has been received till date," said a second official, adding that the housing ministry has also been approached.

NBCC has demanded a ₹57 lakh interest for alleged delayed payment by Trai. MINT

Registration of the building is critical for Trai, as it cannot otherwise legally establish ownership or access the project's remaining funds that are required for the payment of stamp duty and other statutory charges. And the communications ministry, on its part, has been pressing Trai to return the unspent funds, making formal registration of the building essential, a third official said.

Trai relies on grants from the department of telecommunications (DoT), under the communications ministry, with its general fund set at ₹130 crore for FY25 and ₹131 crore for FY26, as per the FY26 budget . For funding the new building project, Trai received an extra grant from DoT for a few years after the project entered the construction phase.

Set up in 1997, Trai had been functioning from rented premises till May 2024. In November 2020, the government, through the DoT, approved the acquisition of office space at the NBCC Commercial Complex, currently being developed as the World Trade Centre (WTC) at Nauroji Nagar in New Delhi. Trai operates out of fourth to seventh floors in Tower-F of the complex.

In November 2022, the regulator signed an agreement with NBCC Services Ltd, a wholly-owned subsidiary of NBCC (India), to undertake the planning, design, and execution of interior fit-out, renovation, and furnishing works for its new office space.

Responding to *Mint's* emailed queries, an NBCC spokesperson said: "The sale of commercial space at WTC, Nauroji Nagar was conducted through open e-auction... The application form clearly stipulated that, in the event of any delay in payment, interest at the rate of SBI Highest MCLR – 2% would be charged on the amount due, calculated from the due date of payment until the date the payment was actually made." The developer said Trai had delayed payment of an installment and therefore, an interest had been levied.

"The NOC can be issued after receipt of complete payment," NBCC added.

Speaking on the condition of anonymity, a government official said that the housing ministry was looking into the matter. One of the concerns is that if the interest is waived for a single entity, others could also start demanding a similar treatment, the official added.

Queries emailed to Trai and the housing ministry on Monday did not elicit any response.

Besides the property registration issue, the regulator is also in a bind over its limited powers. It has sought changes to the Trai Act, seeking greater enforcement powers to regulate operators and recover penalties.

For an extended version of the story, go to livemint.com.

STUCK OWNERSHIP

STATE-OWNED NBCC (India) Ltd built the 116,000 sq. ft office at a cost of about ₹450 crore

AS per Trai, it had held back portion of the payment (₹30 lakh) owing to issues with the building

REGISTRATION of the building is key for Trai to legally establish ownership or access funds

MINISTRY of communications has been pressing Trai to return unspent funds given for the project

Pet care startups eye users to compete with FMCG giants

Vaeshnavi Kasthuril
k.vaeshnavi@livemint.com
BENGALURU

Direct-to-consumer (D2C) pet care brands are leaning on subscription models to lock in customers, betting that repeat purchases can help them counter the scale and distribution advantage of India's largest packaged consumer goods players as the niche segment heats up.

"Nearly 40% of our repeat customers today come through the subscription model, which tells us how effective it has been in driving predictable demand," said Kartikeya Gupta, co-founder of natural cat food brand Smylo that raised ₹75 lakh on business reality show *Shark Tank India* on 15 January from Anupam Mittal, Kunal Bahl, and Varun Alagh, giving up 1% equity along with advisory shares, valuing it ₹75 crore.

At the consumer level, subscriptions combine convenience with predictability by automating regular pet food purchases and reducing the friction of repeat ordering. Customers can choose flexible delivery frequencies and retain full control over shipments, with the ability to pause, skip, or cancel without long-term lock-ins.

For pet owners, subscriptions help ensure continuity, reduce last-minute buys, and offer better value

For pet owners, especially those managing daily feeding routines, subscriptions help ensure continuity, minimize last-minute purchases, and offer better value through bundled or recurring orders—making them well-suited to staple products that pets consume consistently.

"Subscriptions work best for products that form part of a pet's staple diet. Cats, for instance, need to be fed consistently, often up to one-and-a-half packets a day, so a bulk pack is bound to get consumed. Automated replenishment simply makes sense for the consumer," Gupta said.

Mint reported on 26 December that India's pet care market is seeing an influx of consumer goods giants chasing a new generation of indulgent pet parents, setting the stage for the category's most competitive year yet in 2026.


New entrants such as Reliance Retail's Waggies are intensifying competition across price segments. MINT

Once dominated by Mars Inc., the sector—which market researcher Euromonitor International estimates grew from $690.5 million in 2023 to $786.6 million in 2024 and is projected to reach $884.4 million in 2025 globally—has evolved into a battleground for global and domestic FMCG giants.

New entrants such as Reliance Retail's Waggies and Wipro Consumer Care's HappyFur, alongside investments from Godrej Consumer Products and Nestlé, are intensifying competition.

With 70-80% of the pet care market comprising first-time pet parents—largely young, urban consumers—the segment could reach about ₹35,000 crore in 2026, per industry experts, cementing its status as a mainstream FMCG category.

While comprehensive data on pet food subscriptions remains limited, a May 2025 Euromonitor report found that subscription-based models for pet grooming kits, treats, and monthly toy boxes are gaining traction among urban pet owners.

Companies such as Captain Zack and Wiggles are tapping into this trend through auto-replenishment services designed to prevent stock-outs, with convenience and perceived value emerging as key adoption drivers.

Subscriptions, however, have struggled in several other D2C categories. At cold-pressed juice brand Raw Pressery, high perishability and cold-chain costs eroded margins, while in dairy, brands such as Epigamia found consumers preferred on-demand purchases via neighbourhood stores and quick-commerce platforms. At men's grooming brand Bombay Shaving Company, inconsistent usage patterns and easy switching made subscriptions less viable.

For an extended version of the story, go to livemint.com.

ઓસ્કર ૨૦૨૬: 'હોમબાઉન્ડ' ફિલ્મ ઓસ્કારની રેસમાંથી બહાર, ભારત માટે એક મોટો ઝટકો

'સિનર્સ':૧૬ કેટેગરીમાં નોમિનેશન મેળવી ઇતિહાસ રચ્યો

| લોસ એન્જેલસ |

ગુરુવારે ઓસ્કાર ૨૦૨૬ નોમિનેશનની જાહેરાત કરવામાં આવી હતી. ભારતની ફિલ્મ "હોમબાઉન્ડ" રેસમાંથી બહાર થઈ ગઈ હતી. જોકે, "સિનર્સ" આ વર્ષના ઓસ્કાર નોમિનેશનમાં ઇતિહાસ રચતી ફિલ્મ બની છે. ૯૮મા ઓસ્કારમાં "સિનર્સ"ને ૧૬ નોમિનેશન મળ્યા હતા. આનાથી તે ઓસ્કારના ઇતિહાસમાં સૌથી વધુ નોમિનેશન મેળવનારી ફિલ્મ બની છે.

"સિનર્સ"ને જે કેટેગરીમાં નોમિનેશન મળ્યા છે તેમાં શ્રેષ્ઠ ફિલ્મ, શ્રેષ્ઠ અભિનેતા, શ્રેષ્ઠ સહાયક અભિનેતા/અભિનેત્રી, શ્રેષ્ઠ દિગ્દર્શક, શ્રેષ્ઠ મૂળ સ્કોર અને શ્રેષ્ઠ સ્ક્રીનપ્લેનો સમાવેશ થાય છે. ૯૮મા ઓસ્કાર નોમિનેશન યાદી જાહેર થતાં, 'સિનર્સ' એ એક રેકોર્ડ બનાવ્યો છે. ૧૬ નોમિનેશન સાથે, 'સિનર્સ' એકેડેમી એવોર્ડ ઇતિહાસમાં સૌથી વધુ નોમિનેશન મેળવનારી ફિલ્મ બની ગઈ છે. અગાઉ, આ રેકોર્ડ ત્રણ ફિલ્મોના નામે હતો, જેમાં ૧૪ નોમિનેશન હતા. આ ત્રણ ફિલ્મોમાં 'ઓલ અબાઉટ ઇવ' (૧૯૫૦), 'ટાઇટેનિક' (૧૯૯૭) અને 'લા લા લેન્ડ' (૨૦૧૬)નો સમાવેશ થાય છે. ૨૦૨૬માં, 'સિનર્સ' એ માત્ર આ રેકોર્ડ તોડ્યો જ નહીં પરંતુ ઓસ્કાર ઇતિહાસમાં સૌથી વધુ નોમિનેશન મેળવનારી ફિલ્મ પણ બની. તે પછી પોલ થોમસ એન્ડરસનની 'વન બેટલ આફ્ટર અધર' આવે છે, જેને ૧૩ નોમિનેશન મળ્યા હતા.

'સિનર્સ'ની કથા : 'સિનર્સ' ૧૯૩૦ના દાયકાના મિસિસિપી ડેલ્ટામાં સેટ કરેલી હોરર ફિલ્મ છે. તે બે જોડિયા ભાઈઓ, સ્મોક અને સ્ટેક (માઇકલ બી. જોર્ડન) ની વાર્તા કહે છે, જેઓ નવી શરૂઆત કરવા માટે તેમના વતન પાછા ફરે છે. પરંતુ જ્યુક જોઈન્ટ ખોલતી વખતે એક શક્તિશાળી વેમ્પાયર કુળ સાથે સંઘર્ષમાં આવે છે. આ તેમના જીવનને એક ભયાનક સંઘર્ષમાં દોરી લે છે જે વંશીય અસમાનતા અને સમુદાયના વિષયોને સ્પર્શે છે, જ્યાં સંગીત, સંસ્કૃતિ અને અલૌકિક જોખમો એકસાથે આવેછે.

હોમબાઉન્ડ માટે ઘણી આશા હતી : 'હોમબાઉન્ડ' ફિલ્મનું દિગ્દર્શન નીરજ ઘાયવાન દ્વારા કરવામાં આવ્યું હતું. આ ફિલ્મમાં શાહિદ કપૂર, ઈશાન ખટ્ટર, જહાનવી કપૂર અને વિશાલ જેઠવા અભિનય કરે છે. ફિલ્મને વ્યાપક પ્રશંસા મળી હતી અને વિશ્વભરમાં તેનો સારો પ્રતિસાદ મળ્યો હતો. જોકે, તે ઓસ્કાર નોમિનેશન મેળવવામાં નિષ્ફળ ગઈ. જો આવું થયું હોત, તો કોઈ ભારતીય ફિલ્મને ઓસ્કાર જીત્યાને ૨૬ વર્ષ થઈ ગયા હોત. ૨૦૦૧માં આમિર ખાનની ફિલ્મે શ્રેષ્ઠ ફીચર ફિલ્મ શ્રેણી જીતી હતી. તે સમયે, આ શ્રેણીને 'શ્રેષ્ઠ વિદેશી ભાષાની ફિલ્મ' કહેવામાં આવતી હતી. "હોમબાઉન્ડ" ઓસ્કાર ચૂકી ગઈ, પરંતુ તેણે અનેક સીમાચિહ્નો હાંસલ કર્યા. "હોમબાઉન્ડ" ભલે ઓસ્કાર ચૂકી ગઈ હોય, પરંતુ તેણે અનેક સીમાચિહ્નો હાંસલ કર્યા છે.

આ યુદ્ધ હવે સમાપ્ત થવું જોઈએ, ટ્રમ્પ ઝેલેન્સકીને મળ્યા

| દાવોસ | રશિયા અને યુક્રેન વચ્ચે લગભગ ચાર વર્ષ જૂનો સંઘર્ષ દરરોજ વધુ ખતરનાક બની રહ્યો હોય તેવું લાગે છે. દરમિયાન, યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સ્વિટ્ઝર્લેન્ડના દાવોસમાં યુક્રેનિયન પ્રમુખ વોલોદિમીર ઝેલેન્સકીને મળ્યા. ટ્રમ્પે આ જાહેરાત કરી. તેમણે કહ્યું કે રશિયા-યુક્રેન સંઘર્ષ અંગે તેમની ઝેલેન્સકી સાથે સારી વાતચીત થઈ છે. તેમણે રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિનને પણ સંદેશ આપ્યો કે યુદ્ધ સમાપ્ત થવું જોઈએ. દાવોસમાં પત્રકારો સાથે વાત કરતા, રાષ્ટ્રપતિ ટ્રમ્પે જાહેરાત કરી કે યુએસ પ્રતિનિધિમંડળ આજે અથવા કાલે પુતિન સાથે મળશે. તેમણે કહ્યું, "હું અહીં રાષ્ટ્રપતિ ઝેલેન્સકી સાથે મળ્યો. મુલાકાત સારી રહી. અમે આજે અથવા કાલે રાષ્ટ્રપતિ પુતિન સાથે મળીશું." ટ્રમ્પે યુદ્ધને રક્તપાત ગણાવતા કહ્યું કે તે ભયંકર હતું. દર મહિને ૩૦ હજાર લોકોને મારી રહ્યા છે. આ બંધ થવું જોઈએ. ટ્રમ્પે યુક્રેન-રશિયા સંઘર્ષને રોકવાના તેમના પ્રયાસો વિશે પણ વાત કરી. તેમણે કહ્યું કે આ સંઘર્ષમાં ઘણા લોકો મૃત્યુ પામ્યા છે, તેથી યુદ્ધ હવે સમાપ્ત થવું જોઈએ.

ઓસ્ટ્રેલિયાનાં ન્યૂ સાઉથ વેલ્સમાં ફાયરિંગમાં ૩નાં મોત

| ન્યૂ સાઉથ વેલ્સ | ઓસ્ટ્રેલિયાનાં ન્યૂ સાઉથ વેલ્સમાં ગુરુવારે ફાયરિંગની ઘટના બની છે જેમાં ૩ લોકોનાં મોત થયા છે અને એકને ઈજા થઈ છે. પોલીસે જણાવ્યું કે ગોળીબારની ઘટનાની જાણ થતા જ ૬ ૫૦૦ લોકોની વસ્તી ધરાવતા લેક કાર્ગેલીગો ખાતે તત્કાળ ઈમરજન્સી ટીમને બોલાવાઈ હતી અને ઘટનાની તપાસ શરૂ કરાઈ. કોણે અને શા માટે ફાયરિંગ કરાયું છે તેની તપાસનાં આદેશો આપવામાં આવ્યા છે. ત્રણ મૃતકોમાં બે મહિલાઓ અને એક પુરુષનો સમાવેશ થાય છે.

ચર્ચગેટથી વિરાર દરમિયાન સુરક્ષા સિસ્ટમ કવચનું 50% કામ પૂરું

■ રેલવે સેવામાં સુરક્ષા વધશે, લોકલની વધારે ફેરી દોડાવી શકાશે

[illegible]

ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવેના 706 ઝાડની કતલ બાબતે વિગતવાર અહેવાલનો આદેશ

■ ઝાડ ન કાપવાની માગણી માન્ય ન થવાથી પ્રકરણ હરિત લવાદ પાસે

[illegible]

મુંબઈ-પુણે એક્સપ્રેસ વે પર મિસિંગ લિંકમાં ખર્ચમાં 10 ટકાનો વધારો...

[illegible]

બોરીવલી રેલવે સ્ટેશન સ્માર્ટ, ઈંટરલોકિંગ સિગ્નલિંગ સિસ્ટમ શરૂ થશે

■ આધુનિક ટેકનોલોજીથી લોકલ હંમેશા સમયસર દોડશે

[illegible]

જેકેટ ૩નું અનુસંધાન

ટ્રમ્પની ધાક...

[illegible]

કાશ્મીરમાં સૈન્યનું...

[illegible]

સૂર્યોદયથી સૂર્યાસ્ત...

[illegible]

મણિપુરમાં હિંસા...

[illegible]

ક્રોએશિયા...

[illegible]

લાંબુ જીવવા...

[illegible]

મુંબઈ સહિત...

[illegible]

શાંતિ માટે કુકી

[illegible]

પેજ 1નું અનુસંધાન

આવાસ કૌભાંડ...

[illegible]

ચાંદીમાં ₹19...

[illegible]

ટી-20 વર્લ્ડકપમાં...

[illegible]

દિલ્હીની વાત

(પહેલા પાનાનું ચાલુ)

સીબીઆઈએ પરવાનગી નથી આપી એ જ કારણસર રાજ્યની એજન્સીએ દાખલ કરેલી ચાર્જશીટ ગેરલાયક ઠેરવી શકાય નહીં. જસ્ટીસ જેબી પારડીવાલા અને જસ્ટીસ સતિષચંદ્ર શર્માની બેન્ચે રાજસ્થાન હાઈકોર્ટના ચૂકાદાને યોગ્ય ઠેરવ્યો હતો. કેન્દ્ર સરકારના એક કર્મચારી વિરૂદ્ધ ભ્રષ્ટાચારની ફરિયાદ રદ કરવાનો હાઈકોર્ટે ઈન્કાર કરી દીધો હતો. હાઈકોર્ટે સ્વિકાર્યું હતું કે રાજસ્થાન રાજ્યના ભ્રષ્ટાચાર વિરોધી બ્યુરોએ ૧૯૯૮ હેઠળ કેસ દાખલ કર્યો હતો અને તપાસ કરી હતી.

અમેરિકાનું દબાણ દિલ્હીને હલાવી શકશે નહીં, પરાગ ખન્નાની ડંકાસ

એઆઈ આધારીત જીઓ સ્પેશિયલ એનાલીટીકલ ફર્મ આલ્ફા જીઓના સ્થાપક અને સીઈઓ પરાગ ખન્ના એકાએક ભારતની વિદેશનીતિના વખાણ કરી રહ્યા છે. વાસ્તવમાં છેલ્લા થોડા સમયથી ભારતની વિદેશનીતિ તળીયે પહોંચી છે. ખન્નાના કહેવા પ્રમાણે ભારત પોતાનું હિત સાચવે છે. જે રીતે ભારતે રશિયા સાથે સંબંધો વિકસાવ્યા છે એ એક કસરત છે. ટ્રમ્પના આવ્યા પહેલા પણ બાઈડન સરકારે ભારત પર રશિયા વિરૂદ્ધ પ્રતિબંધો નાખવા માટે દબાણ કર્યું હતું. જો તમે ભારત જેવા દેશ સાથે કામ લો છો તો દબાણની વિદેશનીતિ ચાલી શકે નહીં. ખન્નાએ સરકારને માખણ લવાવવા માટે કહ્યું હતું કે, ભારત વિદેશનીતિ બાબતે સ્વતંત્ર રીતે વિચારી શકે છે, કારણ કે ભારતનું અર્થતંત્ર એ પ્રમાણે કામ કરે છે. દેશ દેશના નુકશાનનો આધાર કોમોડિટી આયાતને કારણે નક્કી કરવામાં આવે છે. આ બાબતે ભારત નંબર ૧ છે. ભારતની વિદેશનીતિ સિદ્ધાંતને આધારે નક્કી થઈ શકતી નથી, કારણ કે આપણા દેશના બજેટમાં આંતરરાષ્ટ્રીય સસ્તી કોમોડિટી આયાત વિરુદ્ધ ઘરેલું સબસીડીનો પ્રશ્ન ઉભો થાય છે. જાપાન અને યુરોપ પણ રશિયાથી તેલ અને ગેસની આયાત કરે છે એટલે ભારત આ બાબતે સાચું છે.

હિન્દી ફિલ્મસ્ટારો એકાએક બોલવા માંડ્યા

સામાન્ય રીતે જોવામાં આવ્યું છે કે, હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં મોટા સ્ટાર્સ પ્રામાણિક અભિપ્રાય આપવાનું ટાળે છે. કેન્દ્ર અને મહારાષ્ટ્રમાં જ્યારે બીન ભાજપી સરકાર હોય છે ત્યારે તેઓ એકાએક બિનસાંપ્રદાયિક બની જાય છે. હમણા દેશ અને મહારાષ્ટ્રમાં ભાજપ સત્તા પર છે. જે ફિલ્મસ્ટારો ભૂતકાળમાં ઠાકરે બંધુઓ સામે બોલતા પહેલા હજાર વખત વિચાર કરતા હતા તેઓ હવે ખચકાટ વગર બોલે છે. રાજ ઠાકરેએ થોડા સમય પહેલા મરાઠી નહીં બોલી શકનારાઓને ટાર્ગેટ કર્યા હતા. આ બાબતે સુનિલ શેટ્ટી જેવા સ્ટાર્સ પણ હવે એકાએક બોલે છે. સુનિલ શેટ્ટીએ હમણા કહ્યું હતું કે, કોઈને જબરજસ્તી ભાષા બોલવા માટે મજબૂર કરવા જોઈએ નહીં. જો કોઈ કહે કે મરાઠી બોલવું ફરજીયાત છે તો હું કહીશ કે મરાઠી પોતાની ઈચ્છાથી બોલીશ નહીં કે કોઈના દબાણમાં.

સુખવિંદરની કેબિનેટમાં નર્સો બાબતે મોટો નિર્ણય

હિમાચલ પ્રદેશની કેબિનેટ બેઠકમાં વિવિધ બાબતો વિશે અગત્યના નિર્ણયો લેવામાં આવ્યા હતા. મુખ્યમંત્રી સુખવિંદર સિંહ સુક્ખુની અધ્યક્ષતામાં મળેલી મંત્રીમંડળની બેઠકમાં ડો. રાધાકૃષ્ણન રાજકીય ચિકિત્સા મહાવિદ્યાલય, હમીર ફરમા અત્યાધુનિક કેર સેન્ટર બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આ સેન્ટરમાં ૧૧ નવા વિભાગોની સ્થાપના તેમજ વિવિધ હોદ્દાઓ પર નિમણૂક કરવાનો નિર્ણય પણ મંત્રીમંડળે કર્યો હતો.

ટેન્શન અને બીજી કેટલીક બાબતોએ ૨૦૧૦ના કાયદાઓને બદલવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો જેથી લાભાર્થીઓને વધુમાં વધુ લાભ મળી શકે. મંત્રીમંડળે સિનિયર રેસીડન્ટ ડોક્ટરના ખાલી હોદ્દાઓ ભરવાની મંજૂરી પણ આપી દીધી હતી. આ ઉપરાંત નર્સોની નિવૃત્તીની ઉંમર ૪૫ વર્ષ સુધી વધારવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

કેનેડાના વડાપ્રધાનનું ભાષણ શા માટે વાયરલ થયું

કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નીએ દાવોસ ખાતે ચાલી રહેલી વર્લ્ડ ઈકોનોમિક ફોરમમાં નવા વર્લ્ડ ઓર્ડર વિશે જે ભાષણ આપ્યું હતું તેની નોંધ લેવાઈ છે. એમના કહેવા પ્રમાણે કેનેડા જેવા મીડલ પાવર દેશો એક બીજાના સહકારથી ફાયદો ઉઠાવી શકે છે. આ ભાષણ એવા સમયે આપવામાં આવ્યું હતું કે જ્યારે રશિયા, ચીન અને અમેરિકા જેવી મહાશક્તિઓ વચ્ચે તણાવ વધી રહ્યો છે. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની દાદાગીરીથી સહયોગી દેશો પણ કંટાળી ગયા છે. કેનેડાના વડાપ્રધાને પોતાના ભાષણમાં કહ્યું હતું કે, 'અમને હંમેશા યાદ અપાવવામાં આવે છે કે અમે મહાશક્તિઓના સ્પર્ધાના સમયમાં જીવી રહ્યા છીએ. જે નિયમોને આધારે વ્યવસ્થા ચાલવી જોઈએ એ નબળી પડી રહી છે. શક્તિશાળી દેશો પોતાની મનમાની કરે છે અને નબળા દેશોએ સહન કરવું પડે છે.

દુનિયામાં એક માત્ર દેશ જે તમામ ખોરાકનું ઉત્પાદન જાતે કરે છે

ભારતના કેટલાક નેતાઓ વારંતહેવારે સ્વદેશી અને આત્મનિર્ભરતાની વાતો કરે છે. જોકે આ વાતો ફક્ત કહેવા ખાતર કહેવાતી હોય એમ લાગે છે કારણ કે, ભારતે હજી પણ મોટા ભાગની બાબતો માટે વિદેશ પર આધાર રાખવો પડે છે. આની સામે દુનિયામાં એક માત્ર એક એવો દેશ જે પોતાના ભોજનની જરૂરિયાતની તમામ ખેત પેદાશો પોતે જ ઉત્પન્ન કરે છે. બીજા દેશોમાંથી આયાત કરવામાં આવતું નથી. દક્ષિણ અમેરિકાના ગુયાનાની ચર્ચા વિશ્વમાં એટલા માટે થઈ રહી છે કે દુનિયાભરના કરોડો લોકો ખોરાક બાબતે અસલામતી અનુભવી રહ્યા છે ત્યારે ગુયાનાની વસ્તી ફક્ત આઠ લાખ હોવા છતા સ્વનિર્ભર છે. ગુયાનાની કુલ વસ્તીમાંથી મૂળ ભારતના લોકો સાડા ત્રણ લાખ જેટલા છે. ૧૯મી સદીમાં જ્યારે ભારત પર બ્રિટીશ રાજ હતું ત્યારે ભારતથી મોટા પ્રમાણમાં લોકો ગુયાનાના શેરડીના ખેતરોમાં કામ કરવા ગયા હતા. ખાસ કરીને ઉત્તર પ્રદેશ, બિહાર અને આસપાસના ક્ષેત્રોમાંથી મોટા પ્રમાણમાં લોકો ગુયાના ગયા હતા.

કોઈપણ તાકાત અનિયંત્રીત નહીં હોઈ શકે

છેલ્લા કેટલાક સમયથી મતદાતા યાદીના ફેરફાર માટે એસઆઈઆરનું અભિયાન ચાલી રહ્યું છે. આ આખો મામલો સુપ્રિમ કોર્ટમાં પણ ગયો છે. સુપ્રિમ કોર્ટે રહેલી સુનાવણી પછી કહ્યું છે કે, એસઆઈઆર અભિયાનનું ગંભીર પરિણામ પણ આવી શકે છે. ખાસ કરીને એમના માટે કે જેમનું નામ મતદાર યાદીમાં સામેલ નથી. કોર્ટે ચૂંટણી કમિશન પર આડકતરો ઈશારો કરતા કહ્યું હતું કે, 'કોઈપણ શક્તિ અનિયંત્રીત હોઈ શકે નહીં.' ચીફ જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ જોયમાલ્યા બાગચીની બેન્ચ બિહાર સહિત અન્ય રાજ્યમાં એસઆઈઆરના અભિયાનને વિરુદ્ધ કરતી અરજીઓ પર સુનાવણી કરી રહી હતી.

જસ્ટીસ બાગચીએ દસ્તાવેજોની યાદીનું સૂચન કરતા કહ્યું હતું કે, જ્યાં ફોર્મ ૬માં ૭ દસ્તાવેજ નક્કી થયા છે ત્યાં એસઆઈઆરની પ્રક્રિયા દરમિયાન ૧૧ દસ્તાવેજ માંગવામાં આવે છે. કોર્ટે પૂછ્યું હતું કે શું ચૂંટણી કમિશન પોતાની ઈચ્છા થાય એ પ્રમાણેના દસ્તાવેજ વધારી કે ઘટાડી શકે છે? સીજેઆઈએ કહ્યું હતું કે, મતદાર યાદીમાંથી કોઈનું નામ દુર કરવામાં આવે છે તો એ ગંભીર બાબત ગણાય.

ચાંદીનો વાયદો

(પહેલા પાનાનું ચાલુ)

ગોલ્ડ ઈટીએફ બીસની થઈ રહી હતી. સોના-ચાંદીમાં નાનું રોકાણ કરવા માટે મ્યુચ્યુઅલ ફંડથી લઈને ડીમેટ ખાતાધારકો ઈટીએફ થકી રોકાણ કરતા હોય છે. ચાંદીના ૪ ટકાના ઘટાડાની સામે ઈટીએફમાં ૨૦થી ૨૫ ટકાનો મસમોટો કડાકો જોવા મળ્યો છે.

૨૨મી જાન્યુઆરીના સત્રમાં ટાટા સિલ્વર ઈટીએફમાં ૩૩.૬૦ના બંધ ભાવની સામે ૨૫.૫૬નું તળિયું બતાવીને દિવસના અંતે ૧૬.૩૧ ટકા ઘટીને ૨૮.૧૨ પર બંધ આવ્યો છે. એડલવાઈઝ સિલ્વર ઈટીએફ અને મિરાએ એસેટ ઈટીએફ ૨૨-૨૨ ટકા તૂટ્યાં છે. ૩૬૦ વન સિલ્વર ઈટીએફમાં એ જ દિવસમાં ૨૧ ટકાનું ગાબડું જોવા મળ્યું તો નિપ્પોન સિલ્વર ઈટીએફ ૨૦ ટકા તૂટ્યા હતા.

આ કડાકા પાછળ ટ્રમ્પની ગ્રીનલેન્ડ મુદ્દે ઢીલાશની સાથે વૈશ્વિક અરાજકતાનો માહોલ ઓસરતા મેટલ માર્કેટમાં નરમાઈ જોવા મળી છે. સ્થાનિક એમસીએક્સના ૪ ટકાના ઘટાડાની સામે ઈટીએફમાં ૨૦થી ૨૫ ટકા ઘટાડા કડાકા પાછળ એમસીએક્સ પર ચાંદીના ભાવનું પ્રીમિયમ જવાબદાર છે. ભારતીય ચાંદીમાં બજેટ પહેલા સટ્ટાકીય સોદાને કારણે પ્રીમિયમમાં વધારો થતા ઈટીએફના આ સૂપડાં સાફ થયા છે. આ ઈટીએફને અન્ડરલાઈન કરતા એમસીએક્સના ચાંદીના ભાવ અને વૈશ્વિક ચાંદીના ભાવની સાપેક્ષે ડબલ ડિજિટ પ્રીમિયમ પર ટ્રેડ થઈ રહ્યાં હતા. ભારતીય ભાવ પ્રમાણે ચાંદી હાલ ૧૦૭ ડોલર પ્રતિ ઔંસ ચાલી રહી છે પરંતુ કોમેક્સ પર ચાંદી ૯૩ ડોલર છે.

આ ૧૪ ડોલર અર્થાત્ ૧૫ ટકાના ડિસ્કાઉન્ટને કારણે આજે અન્ડરલાઈન બેંચમાર્ક કરતા ઈટીએફમાં વેચવાલી જોવા મળી હતી. બેંચમાર્કની સાપેક્ષે ઈટીએફની રિયલ વેલ્યુ આઈએનએવી પણ પ્રીમિયમે પહોંચતા આ ઘટાડો જોવા મળ્યાંનો માર્કેટ એક્સપર્ટ્સનો અંદાજ છે.

આ સિવાય અન્ય એક કારણ માર્કેટમાં ઉડી રહેલી ઈમ્પોર્ટ ડ્યૂટીની અફવા છે. ગત બે ટ્રેડિંગ સેશનમાં વૈશ્વિક માર્કેટ શાંત હોવા છતા એમસીએક્સ વાયદામાં ૧૦ ટકા આસપાસની શંકાસ્પદ તેજી જોવા મળી હતી. સરકાર આગામી બજેટમાં સોના-ચાંદી પર ઈમ્પોર્ટ ડ્યૂટી વધારશે તેવી અફવાના જોરે એમસીએક્સ પર ઉછાળો નોંધાયો હતો.

ગઈકાલે મોડી સાંજે ઓલ ઈન્ડિયા જ્વેલર્સ એન્ડ ગોલ્ડસ્મિથ ફેડરેશને નાણામંત્રી નિર્મલા સીતારામનને બજાર અફવાઓ અંગે ચેતવ્યા હતા. એક પત્રમાં સંસ્થાએ નાણામંત્રીને આ અફવા કોણે અને કેમ ફેલાવી અને જો ખરેખર બજેટમાં ઈમ્પોર્ટ ડ્યુટી લાદવાની સરકારની મનશા છે, તો આ વાત બજેટ જાહેરાત પહેલાં બહાર કોણે લીક કરી ?

ભારતની હોમ

(૧૭મા પાનાનું ચાલુ)

ઓરિજિનલ સોંગ, પ્રોડકશન ડિઝાઈન, ફિલ્મ એડિટિંગ, સાઉન્ડ, વિઝ્યુઅલ ઈફેક્ટ્સ, સિનેમેટોગ્રાફી, બેસ્ટ એક્ટર, બેસ્ટ ડાયરેક્ટર અને બેસ્ટ ફિલ્મની કેટેગરીમાં નોમિનેશન્સ મળ્યા છે. જોશ સાફદીની ફિલ્મ માર્ટી સુપ્રીમને બાર અને પોલ થોમસ એન્ડરસન નિર્દેશિત વન બેટલ આફટર અનધર બંનેને સોળ કેટેગરીમાં નોમિનેશન્સ મળ્યા હતા.

બેસ્ટ ડિરેક્ટર કેટેગરીમાં વન બેટલ આફટર અનધર માટે પોલ થોમસ એન્ડરસન, સિનર્સ માટે ર્યાન કુગલેર, હેમનેટ માટે ક્લો ઝાઓ, માર્ટી સુપ્રીમ માટે જોશ સાફદી અને સેન્ટિમેન્ટલ વેલ્યુ માટે જોઆચિમ ટ્રીયર સ્પર્ધામાં છે તો બેસ્ટ ફિલ્મ કેટેગરીમાં સાત ફિલ્મો બુગોનિયા, એફવન, ફ્રેન્કેસ્ટાઈન, હેમનેટ, માર્ટી સુપ્રીમ, વન બેટલ આફટર અનધર, ધ સિક્રેટ એજન્ટ અને સેન્ટિમેન્ટલ વેલ્યુ વચ્ચે સ્પર્ધા છે.

બેસ્ટ એક્ટર કેટેગરીમાં માર્ટી સુપ્રીમમાં ટિમોથી શાલમેટ, વન બેટલ આફટર અનધરમાં લિયોનાર્ડો ડે કેપ્રિયો, બ્લુ મૂન માં ઈથન હૉક, સિનર્સમાં માઈકલ બી જોર્ડન અને ધ સિક્રેટ એજન્ટમાં વેગનર મૌરા સ્પર્ધામાં છે. જ્યારે બેસ્ટ એક્ટ્રેસ કેટેગરીમાં હેમનેટ માટે જેસ્સી બકલી, ઈફ આઈ હેડ લેગ્સ આઈ હેડ કીક યુ માટે રોઝ બાયર્ન, સોંગ સંગ બ્લુ માટે કેટ હડસન અને સેન્ટિમેન્ટલ વેલ્યુ માટે રિનેટ રિન્સવે સ્પર્ધામાં છે. લિયોનાર્ડો ડે કેપ્રિયોને છઠ્ઠીવાર બેસ્ટ એક્ટર કેટેગરીમાં નોમિનેશન મળ્યું છે.

જમ્મુ-કાશ્મીરમાં

(પહેલા પાનાનું ચાલુ)

અધિકારીઓએ જણાવ્યું હતું કે સેના અને પોલીસ દ્વારા તાત્કાલિક સંયુક્ત બચાવ કામગીરી શરૂ કરવામાં આવી હતી. ચાર સૈનિકો સ્થળ પર જ મૃત અવસ્થામાં મળી આવ્યા હતા. ઘાયલ થયેલા અન્ય ૧૭ જવાનોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

ત્યારબાદ હોસ્પિટલમાં સારવાર દરમિયાન ૬ જવાનોનાં મોત થતાં કુલ મૃત્યુઆંક ૧૦ થયો હતો. બાકીના ૧૦ ઘાયલોને ઉધમપુર કમાન્ડ હોસ્પિટલમાં વિશેષ સારવાર માટે લઈ જવામાં આવ્યા હતાં.

સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ, લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિંહા, મુખ્યપ્રધાન ઓમર અબ્દુલ્લાહ, કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે અને પૂર્વ મુખ્યપ્રધાન ગુલામનબી આઝાદે આ ઘટના અંગે દુઃખ વ્યક્ત કર્યું હતું.

ભોજશાળામાં

(૧૭મા પાનાનું ચાલુ)

હિન્દુ ફ્રન્ટ ફોર જસ્ટિસ તરફથી દાખલ અરજીમાં જણાવાયું હતું કે, ભોજશાળામાં પ્રત્યેક વર્ષે વસંત પંચમીએ માતા સરસ્વતીની પૂજા થાય છે. જોકે, આ વખતે વસંત પંચમી અને શુક્રવાર એક જ દિવસે આવશે ત્યારે આ દિવસ મુસ્લિમો પણ આ જ સ્થળ પર કમાલ મૌલાના મસ્જિદમાં નમાઝ પઢતા હોય છે. સુપ્રીમ કોર્ટે બંને સમાજોને પારસ્પરિક આદરજાળવવા અને એકબીજાને સહકાર આપવા જણાવ્યું હતું. સાથે જ સુપ્રીમે ભોજશાળામાં પંડાલ અને બેરિકેડ લગાવી શકે છે તેમજ બંને સમાજના લોકોની અવર-જવર માટે અલગ અલગ માર્ગ બનાવવાનું સૂચન કર્યું હતું.

સુપ્રીમ કોર્ટે મુસ્લિમ સમાજને નમાઝ માટે આવનારા મુસ્લિમોના નામની યાદી જિલ્લા વહીવટી તંત્રને સોંપવા પણ જણાવ્યું છે. સુપ્રીમ કોર્ટમાં સુનાવણી દરમિયાન સરકાર તરફથી અધિક સોલિસિટર જનરલે આશ્વાસન આપ્યું કે ભોજશાળામાં પહેલા જેવી જ કાયદો અને વ્યવસ્થાની તૈનાતી ગોઠવાશે. સરકારે જણાવ્યું કે ભોજશાળામાં સુરક્ષા માટે ૨૦થી વધુ એઆઈ ડ્રોનથી સતત નિરીક્ષણ રાખશે અને ૮,૦૦૦ પોલીસ કર્મચારી તૈનાત કરાશે.

દુનિયાને અત્યારે

(૧૭મા પાનાનું ચાલુ)

ઈસ્લામિક જૂથ હાથમાં રાઈફલ લઈને પેદા થયા હતા. સાથે તેમણે ઉમેર્યું કે, પીસ બોર્ડ સંપૂર્ણપણે બની જશે પછી આપણે જે ઈચ્છીશું તે બધું જ કરી શકીશું. આ બોર્ડ સંયુક્ત રાષ્ટ્ર સાથે મળીને કામ કરશે.

ટ્રમ્પે ફરી એક વખત ભારત અને પાકિસ્તાનના સંઘર્ષનો ઉલ્લેખ કર્યો અને કહ્યું કે, છેલ્લા કેટલાક સમયમાં મેં ૮ યુદ્ધો રોક્યા. એક યુદ્ધ તો પરમાણુ યુદ્ધમાં ફેરવાઈ જાય તેવી આશંકા હતી. ટ્રમ્પે એ રીતે આડકતરી રીતે ભારત-પાકિસ્તાન સંઘર્ષનો ઉલ્લેખ કર્યો હતો. આ સાથે ટ્રમ્પે રશિયા-યુક્રેન યુદ્ધનો પણ ઉલ્લેખ કર્યો હતો.

પ્રમુખ ટ્રમ્પે જાહેર કરેલું બોર્ડ ઓફ પીસ શરૂઆતમાં ગાઝામાં શાંતિ અને સ્થિરતા પર ધ્યાન કેન્દ્રીત કરશે. ત્યાર બાદ આ સંગઠન આખી દુનિયામાં વિવાદાસ્પદ મુદ્દાઓને ઉકેલ લાવશે. ટ્રમ્પે બનાવેલા આ નવા સંગઠનમાં પાકિસ્તાન સહિત અનેક દેશો સભ્ય બનવા માટે તૈયાર થયા છે. આ દેશોમાં મધ્ય-પૂર્વના સાઉદી અરબ, કતાર, ઈન્ડોનેશિયા સહિત નવ મુસ્લિમ દેશોનો સમાવેશ થાય છે. આ પીસ બોર્ડમાં કાયમી સભ્ય બનવા માટે ૧ અબજ ડોલરની ફી ચૂકવવાની છે અને આ ફી ચૂકવવા પાકિસ્તાન પણ તૈયાર થઈ ગયું છે. ટ્રમ્પે પીસ બોર્ડની જાહેરાત કરી ત્યારે દુનિયાના ૨૦ જેટલા દેશોના પ્રમુખો, વડાપ્રધાનો અને ટોચના ડિપ્લોમેટ હાજર હતા.

દાવોસમાં બોર્ડ ઓફ પીસમાં સભ્ય તરીકે જોડાવા માટે હસ્તાક્ષર સમારંભમાં મંચ પર અનેક દેશોના પ્રમુખો અને પ્રતિનિધિઓ પર હસ્તાક્ષર કર્યા હતા, જેમાં પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફ, આર્જેન્ટિનાના પ્રમુખ જેવિયર માઈલી, ઈન્ડોનેશિયાના પ્રમુખ પ્રબોવો સુબિયાંતો, પેરાગ્વેના કન્ઝર્વેટિવ પ્રમુખ સેંટિયાગો પેના, ઉઝબેકિસ્તાનના પ્રમુખ શૌકત મિર્ઝિયોયેવનો સમાવેશ થાય છે. ત્યાર બાદ વ્હાઈટ હાઉસના પ્રેસ સચીવ કેરોલિના લેવિટે જણાવ્યું કે, બોર્ડ ઓફ પીસનું ચાર્ટર લાગુ થઈ ગયું છે અને આ એક આંતરરાષ્ટ્રીય સંગઠન બની ગયું છે.

અમેરિકન પ્રમુખ ટ્રમ્પના પીસ બોર્ડમાં પાકિસ્તાન, આઠ મુસ્લિમ દેશો સહિત ૨૦ દેશો સભ્ય બનવા તૈયાર